# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે દ્વિપક્ષીય વેપાર ઔદ્યોગિક સહકાર માટે ચાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા

2) સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ આજથી જર્મનીની ત્રણ દિવસની મુલાકાતે રવાના થશે

3) ઉપરાષ્ટ્રપતિ આજે નવી દિલ્હીમાં 18મા સિવિલ સર્વિસીસ ડે પર સિવિલ સેવકોને સંબોધિત કરશે

4) ગૃહ મંત્રી અમીત શાહ આજે પશ્ચિમ બંગાળમાં રેલી યોજશે

5) ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણાના બીજા રાઉન્ડને લઈને પ્રવર્તી રહેલી અનિશ્ચિતાના પગલે તણાવ વધ્યો

6) આઈપીએલ ક્રિકેટમાં મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત ટાઇટન્સને 99 રનથી હરાવ્યું

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIA KOREA

ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે દ્વિપક્ષીય વેપાર ઔદ્યોગિક સહકાર માટે ચાર સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા છે.વ્યાપક આર્થિક ભાગીદારી કરાર અને ભારત-કોરિયા ડિજિટલ બ્રિજ માટેના માળખાને અપગ્રેડ કરવા માટે વાટાઘાટો ફરી શરૂ કરવા અંગે સંયુક્ત ઘોષણાની કરી હતી.

(BYTE: MODI ON KARAAR)

નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ વચ્ચેની વાતચીત બાદ આ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

(BYTE: P.M 2100 BILETRAL TRADE)

શ્રી મોદીએ કહ્યું કે વૈશ્વિક તણાવના આ યુગમાં, ભારત અને કોરિયા સાથે મળીને શાંતિ અને સ્થિરતાનો સંદેશ આપે છે.કોરિયાના રાષ્ટ્રપતિની આ ભારત મુલાકાત આઠ વર્ષ પછી થઈ રહી છે અને તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમના દક્ષિણ કોરિયન સમકક્ષ લી જે મ્યુંગનું સ્વાગત કર્યું અને તેમના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું.

# FINANCE MINISTER NIRMALA SITHARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણ નવી દિલ્હીમાં કોરિયન નાણા મંત્રાલયના કમિશનના ચેરમેન લી ઇઓગ-વેઓનને મળ્યા હતા.

નાણા મંત્રાલયે માહિતી આપી હતી કે ક્ષેત્રોમાં ફિનટેક ઇનોવેશન, ડિજિટલ પેમેન્ટ્સ, રોકાણ, સ્થાનિક ચલણ સમાધાન અને GIFT સિટી અને ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટીમાં વ્યવસાય માટેની તકોનો સમાવેશ થાય છે.

તેમાં ઉમેર્યું હતું કે બંને પક્ષોએ સ્ટાર્ટ-અપ્સ અને દ્વિપક્ષીય રોકાણના ક્ષેત્રોમાં વધુ જોડાણ માટેના માર્ગો ઓળખવા પર ચર્ચા કરી હતી, જેમાં ભારતના રાષ્ટ્રીય રોકાણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડનો સમાવેશ થાય છે.

વધુમાં, ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી અને કોરિયાના ફાઇનાન્શિયલ સર્વિસીસ કમિશને સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

કોરિયા પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગની ભારત મુલાકાત દરમિયાન નવી દિલ્હીમાં યોજાયેલા કોરિયા-ભારત નાણાકીય સહકાર મંચમાં આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

# ON A VISIT TO GERMANY

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ આજથી જર્મનીની ત્રણ દિવસની મુલાકાતે રવાના થશે જેથી બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી વધુ મજબૂત બનશે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ મુલાકાત ચાલુ સંરક્ષણ સહયોગ પહેલોની સમીક્ષા કરવાની અને બંને દેશોના સંરક્ષણ ઉદ્યોગો વચ્ચે સહયોગ માટે નવા માર્ગો ઓળખવાની તક પૂરી પાડશે.

બંને સંરક્ષણ પ્રધાનોની હાજરીમાં સંરક્ષણ ઔદ્યોગિક સહકાર રોડમેપ અને યુ.એન પીસકીપિંગ ઓપરેશન્સ તાલીમમાં સહકાર માટે અમલીકરણ વ્યવસ્થા પર હસ્તાક્ષર થવાની સંભાવના છે.

મેક-ઇન-ઇન્ડિયા પહેલ હેઠળ સંયુક્ત વિકાસ અને સહ-ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના હેતુથી સંરક્ષણ પ્રધાન જર્મન સંરક્ષણ ઉદ્યોગના મુખ્ય પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરે તેવી અપેક્ષા છે.

# NATIONAL TESTING AGENCY

નેશનલ ટેસ્ટિંગ એજન્સી NTA એ JEE મુખ્ય સત્ર 2 ના પરિણામો જાહેર કર્યા છે. કુલ બે લાખ 50 હજાર 182 ઉમેદવારો JEE એડવાન્સ્ડ માટે ક્વોલિફાય થયા છે.

# PRESIDENT DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઓડિશાની મુલાકાત લેશે. દિવસભરની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ રાઉરકેલામાં એક જાહેર સમારોહમાં પ્લેનેટોરિયમ અને વિજ્ઞાન કેન્દ્ર અને નિર્મલ મુંડા પરિવેશ પથનું ઉદ્ઘાટન કરશે.

રાષ્ટ્રપતિ મુર્મુ રાઉરકેલા ખાતે એક આદિવાસી સંગ્રહાલય અને સંકલિત આદેશ અને નિયંત્રણ કેન્દ્રનું પણ ઉદ્ઘાટન કરશે.

# CIVIL SERVICES DAY

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન આજે નવી દિલ્હીમાં 18મા સિવિલ સર્વિસીસ ડે પર સિવિલ સેવકોને સંબોધિત કરશે.

આ વર્ષના કાર્યક્રમની થીમ વિકાસ ભારત: નાગરિક-કેન્દ્રિત શાસન અને વિકાસ છેલ્લો માઇલ પર છે.

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી જીતન રામ માંઝી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડા અને કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આ પ્રસંગે સભાને સંબોધિત કરશે.

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે જણાવ્યું હતું કે નાગરિક સેવા દિવસ દર વર્ષે સમગ્ર ભારતમાં સિવિલ સેવકો માટે નાગરિકોના હિતની પ્રતિબદ્ધતા ઉજવવામાં આવે છે.

## WB CAMPAIGN

ભાજપના નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પાર્ટી ઉમેદવારોના સમર્થનમાં સિલિગુડી, પશ્ચિમ વર્ધમાન, પશ્ચિમ મેદિનીપુર અને પૂર્વ મેદિનીપુર જિલ્લામાં જાહેર રેલીઓને સંબોધિત કરશે. તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી પાર્ટી ઉમેદવારોના સમર્થનમાં પૂર્વ મેદિનીપુરના હલ્દિયા, ઉત્તર 24 પરગણા જિલ્લાના બરાકપોર અને જગતદલ અને કોલકાતાના જોરાસાંકોમાં જાહેર રેલીઓને સંબોધિત કરશે. અન્ય પક્ષોના રાજકીય નેતાઓ પણ આજે જાહેર સભાઓમાં કરશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફોરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

# IRAN -AMERICA PEASE TALK

ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણાના બીજા રાઉન્ડને લઈને અનિશ્ચિતતાનો માહોલના વચ્ચે તણાવ વધી રહ્યો છે અને બંને દેશ કડક વલણ અપનાવી રહ્યા છે. બંને દેશો વચ્ચે બે અઠવાડિયાનો યુદ્ધવિરામ બુધવારે સમાપ્ત થવાનો છે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા, ઇસ્માઇલ બકાઈએ જણાવ્યું હતું કે તેહરાને હજુ સુધી નિર્ણય લીધો નથી કે તે વાટાઘાટોના આગામી રાઉન્ડમાં ભાગ લેશે કે નહીં. હાલમાં વધુ વાટાઘાટોની કોઈ યોજના નથી, તેમણે યુનાઇટેડ સ્ટેટ્સ પર રાજદ્વારીને ગંભીરતાથી ન લેવાનો અને યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો.

બીજી બાજુ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમને સંઘર્ષ સમાપ્ત કરવાની ઉતાવળ નથી પરંતુ પાકિસ્તાનમાં તેહરાન સાથે વાટાઘાટો ટૂંક સમયમાં ફરી શરૂ થશે.જો કોઈ કરાર ન થાય તો યુદ્ધવિરામ બુધવાર સાંજથી આગળ લંબાવવાની શક્યતા નથી.

દરમિયાન, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે અમેરિકન નેવીએ હોર્મુઝ સ્ટ્રેટમાં નાકાબંધીને બાયપાસ કરવાનો પ્રયાસ કરી રહેલા ઈરાની જહાજને નિશાન બનાવ્યું.જવાબમાં, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણ કડક બનાવ્યું છે, જેમાં તમામ વાણિજ્યિક જહાજોને પૂર્વ મંજૂરી મેળવવા અને નિર્ધારિત માર્ગોનું પાલન કરવાની ફરજ પાડવામાં આવી છે. તેણે ચેતવણી આપી હતી કે મંજૂરી વિના આવનાર કોઈપણ જહાજને નિશાન બનાવાશે.

બંને પક્ષો વચ્ચે વાટાઘાટોનો છેલ્લો રાઉન્ડ આ મહિનાની 11 અને 12મી તારીખે ઇસ્લામાબાદમાં યોજાયો હતો.

## US-LEBANON

અમેરિકા ગુરુવારે લેબનોન અને ઇઝરાયલ વચ્ચે બીજા રાઉન્ડની વાટાઘાટોનું આયોજન કરશે, કારણ કે બંને દેશ પ્રાદેશિક તણાવ વચ્ચે સીધી વાટાઘાટો માટે આગળ વધી રહ્યા છે.

સ્ટેટ ડિપાર્ટમેન્ટ ખાતે યોજાનારી આ વાટાઘાટો, ગયા અઠવાડિયે હિઝબુલ્લાહ અને ઇઝરાયલ વચ્ચે નાજુક યુદ્ધવિરામ અમલમાં આવ્યા પછીની પહેલી વાટોઘાટો હશે.

અમેરિકાએ 14 એપ્રિલથી શરૂ થયેલા જોડાણનું સ્વાગત કર્યું હતું.વોશિંગ્ટનમાં લેબનોનના રાજદૂત, નાદા હમાદેહ અને તેમના ઇઝરાયલી સમકક્ષ યેચીએલ લેઇટરે 14 એપ્રિલે વાટાઘાટોના પ્રથમ રાઉન્ડનું નેતૃત્વ કર્યું હતું, જેમાં અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ, માર્કો રુબિયો પણ હાજર રહ્યા હતા.

લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉને ફરીથી ભારપૂર્વક જણાવ્યું હતું કે બૈરૂત ઇઝરાયલ સાથે વાટાઘાટોના માર્ગ પર આગળ વધશે, ઉમેર્યું હતું કે આ વાટાઘાટો ન તો નબળાઈ છે કે ન તો પીછેહઠ છે. પરંતુ, હિઝબુલ્લાહના વડા નઇમ કાસેમે વાટાઘાટોને નકારી કાઢી હતી અને વાટાઘાટોને લેબનોન સરકાર ઇઝરાયલને આપી રહી છે.

આ વાટાઘાટો રાજધાની બેરૂત સહિત લેબનોનમાં ઇઝરાયલી હવાઈ હુમલાઓના એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં 300થી વધુ માર્યા ગયેલા લોકોમાં તબીબો, મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે.

# JAPAN EARTHEQUAKE

જાપાનમાં ગઈકાલે આવેલા 7.7ની તીવ્રતાનો ભૂકંપ બાદ જાપાની હવામાન એજન્સીએ દરિયામાં 10 ફૂટ ઊંચા મોજા ઉછળવાની શક્યતા દર્શાવી હતી.લોકોને દરિયાકાંઠાના વિસ્તારોથી દૂર રહેવાની ચેતવણી આપવામાં આવી હતી.

ભૂકંપ સ્થાનિક સમય મુજબ સાંજે 4 વાગીને 53 મિનિટે જાપાનના સાનરિકુના ઉત્તરપૂર્વીય કિનારે અને દેશની રાજધાની ટોક્યોથી 530 કિલો મીટર્ દૂર આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ પેસિફિક મહાસાગરમાં હતું અને તેની ઊંડાઈ લગભગ 20 કિલો મીટર હતી.

જાપાની હવામાન એજન્સીએ દેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામી ચેતવણીઓ જારી કરી, જે બીજી સૌથી મોટી ચેતવણી આપી હતી પરંતુ હાલ તેમા રાહત ના સમાચાર મળ્યા છે કે અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના અહેવાલ નથી.

## IPL

આઈપીએલ ક્રિકેટમાં, ગઈકાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે લીગ-સ્ટેજ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત ટાઇટન્સને 99 રનથી હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા, મુંબઈ ઈન્ડિયન્સે તિલક વર્માની માત્ર 45 બોલમાં અણનમ સદીની મદદથી 20 ઓવરમાં પાંચ વિકેટે 199 રન બનાવ્યા. જવાબમાં, ગુજરાત ટાઇટન્સની ટીમ 15.5 ઓવરમાં 100 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. તિલક વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે, સનરાઇઝર્સ હૈદરાબાદ હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સનો સામનો કરશે. મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ વિવિધ સમચારોની હેડ લાઇન બનાવી છે
- ગુજરાત સમાચાર લખે છે- શાંતિ મંત્રણામાં અશાંતિ : વાટાઘાટો જ ના થઈ
- સંદશ લખે છે દેશમાં આગામી પાંચ દિવસ હિટવેવની આગાહી
- દિવ્ય ભાસ્કર લખે છે -4.13 લાખ ડિજિટલ બાબુ એક પ્લેટફોર્મ પર
- આ ઉપરાંત, મણિપુર હિંસા વિરોધ પ્રદર્શન, ઉધમપપુર અકસ્માત, અને રાજસ્થાનમાં રિફાઇનરીમાં લાગેલી આગના સમાચારો તસવીર સાથે છપાયા છે .
- સ્થાનિક સમાચારોમાં jee પરીક્ષામાં રાજ્યના વિધ્યાર્થી નિમય પુરોહિતે 100 પરસેન્ટાઇલ મેળવનાર 26 વિધ્યાર્થીઓમાં સ્થાન મેળવ્યું આ સમાચાર વાંચવા મળી રહ્યા છે.

---------------------------